RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 162* Date: 10.04.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### અમદાવાદ બન્યું કોરોનાનું એપી સેન્ટર,હજુ પણ કેસો વધવાની આશંકા

# અમદાવાદમાં એક જ દિવસમાં રેકોર્ડબ્રેક ૫૮ પોઝીટીવ કેસ મળતા હાહાકાર

| પોઝિટિવ કેસ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 262 | જિલ્લો | પોઝિટિવ | મોત | જિલ્લો | પોઝિટિવ | મોત | જિલ્લો | પોઝિટિવ | મોત |
| | અમદાવાદ | 141 | 6 | પાટણ | 12 | 1 | નર્મદા | 0 | 0 |
| મોત | ગાંધીનગર | 13 | 0 | છોટાઉદેપુર | 2 | 0 | બનાસકાંઠા | 0 | 0 |
| 17 | સુરત | 25 | 4 | જામનગર | 1 | 1 | સુરેન્દ્રનગર | 0 | 0 |
| | વડોદરા | 22 | 2 | મોરબી | 1 | 0 | ખેડા | 0 | 0 |
| રિકવર | રાજકોટ | 13 | 0 | સાબરકાંઠા | 1 | 0 | ભરૂચ | 0 | 0 |
| 26 | ભાવનગર | 18 | 2 | આણંદ | 2 | 0 | જૂનાગઢ | 0 | 0 |
| | કચ્છ | 2 | 0 | દાહોદ | 1 | 0 | તાપી | 0 | 0 |
| | મહેસાણા | 2 | 0 | નવસારી | 0 | 0 | દેવભૂમિ દ્વારકા | 0 | 0 |
| | ગીર સોમનાથ | 2 | 0 | વલસાડ | 0 | 0 | મહીસાગર | 0 | 0 |
| ઘરે રહો સુરક્ષિત રહો | પોરબંદર | 3 | 0 | ડાંગ | 0 | 0 | અરવલ્લી | 0 | 0 |
| | પંચમહાલ | 1 | 1 | અમરેલી | 0 | 0 | બોટાદ | 0 | 0 |

*ગાંધીનગર,તા.૯*

ગુજરાતમાં કોરોના મહામારી રોગચાળાનું સંક્ટ વધુને વધુ ઘેરૂ બનતુ જઈ રહ્યું હોય તેમ રાજયના સૌથી મોટા શહેર અમદાવાદમાંથી રેકોર્ડબ્રેક ૫૮ કેસો એક જ દિવસમાં બહાર આવતાં ,સમગ્ર તંત્રમાં ભારે ખળભળાટ મચ્યો છે. અને લોકોને બચાવવા હોટસ્પોટવાળા વિસ્તારોમાં વધુ ટેસ્ટીંગ અને સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. વધુ એક જિલ્લામાંથી પોઝીટીવ કેસ મળી આવતાં ૧૮ જિલ્લામાં કોરોનાએ પગ ફેલાવ્યાં છે. રોજેરોજ કેસોની શંખ્યા વધી રહી છે. અને નવા ૫૫ કેસો સાથે કુલ કેસોની સંખ્યા ૨૬૨ પર પહોંચી ગઇ છે. એક જ દિવસમાં અને એક જ શહેરમાંથી ૫૮ જેટલા કેસો એ ખતરાની ઘંટી સમાન હોવાનું તંત્ર માની રહ્યું છે. લોકલ સંક્રમણથી હવે આ રોગ ત્રીજા સ્ટેજમાં કોમ્યુનિટી સંક્રમણ તરફ જઇ રહ્યું હોવાનું પણ મનાઇ રહ્યું છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ કેસોની માહિતી આપવાની સાથે ફરીએકવાર લોકોને ચેતવણી આપી છે કે આ મહામારીના શિકાર બનતા અટકવુ હોય તો સરકાર કહે ત્યાં સુધી ઘરમાં જ રહો અને લોકડાઉનનું કડકપણે પાલન એ જ એક માત્ર ઉપાય છે.


કોરોનાની વિગતો આપતા મહિલા ઉચ્ચ અધિકારી રવિએ જણાવ્યું કે,ગઇકાલ સાંજથી અત્યારસુધીમાં રાજ્યમાં ૭૬ નવા કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં અત્યારસુધીમાં ૨૬૨ પોઝિટિવ કેસ થયા છે અને કુલ મૃત્યાંક ૧૭એ પહોંચ્યો છે. જેમાંથી અમદાવાદમાં ૫૮, સુરતમાં બે અને દાહોદ, આણંદ અને છોટાઉદેપુરમાં એક-એક કેસ નોંધાયા છે. જ્યારે આજે એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. તબલીઘી જમાત (લઘુમતિ સમાજ)ના કારણે ગુજરાતમાં કેસોમાં વધારો થયો છે. ક્લસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં ટેસ્ટિંગ વધારવામાં આવ્યું હોવાથી કેસમા વધારો થઇ રહ્યો છે. હોટસ્પોટ ગીચ વિસ્તાર હોવાથી ત્યાં સંક્રમણ વધ્યું છે અને આગામી દિવસોમાં પણ આ વિસ્તારોમાં પોઝિટિવ કેસ વધી શકે છે.

રાજ્યમાં સતત કોરોનાનું સંકટ વધી રહ્યું છે. ગઈકાલથી આજ સુધીમાં ૫૫ નવા પોઝિટિવ કેસ સામે આવ્યા છે. પરંતુ બપોરે વડોદરામાં વધુ ૪ પોઝિટિવ કેસ નોંધાતા કોરોનાના કુલ ૨૬૨ દર્દીઓ થયા છે. જેમાંથી ૧૮ના મોત થઈ ગયા છે અને ૨૬ સાજા થયા છે. તેમાં પણ અમદાવાદમાં આજે ૫૮ નવા કેસ સામે આવતા શહેરમાં કુલ ૧૪૧ કોરોનાના દર્દીઓ થયા છે. રાજકોટમાં ૬૮ સેમ્પલમાંથી ૬૫ના રિપોર્ટ નેગેટિવ આવ્યાં જ્યારે ૩ રિપોર્ટ પેન્ડિંગ છે.

ભાવનગરમાં નવા ૧૧૯ સેમ્પલનો રીપોર્ટ નેગેટિવ આવ્યો છે. વડોદરાના નાગરવાડા બાદ તાંદલજાના વિસ્તાર ક્લસ્ટર કોરેનટાઇન, માસ સેમ્પલિંગની કાર્યવાહી હાથ ધરાશે આમ ગુજરાતમાં કુલ ૨૬૨ પોઝિટિવ કેસ અને ૧૮ના મોત થયા છે. દાહોદમાં નવો એક કેસ આવ્યો છે. રાજ્યના ૨૬૨ દર્દીમાંથી એકલા અમદાવાદમાં જ ૧૪૧ કેસ છે. ૨૬૨ પોઝિટિવ કેસમાંથી ૧૭૬ લોકલ ટ્રાન્સમિશનના કેસ છે. અને ૨૬ દર્દીઓ સાજા થયા છે. અમદાવાદમાં કોટ વિસ્તારને કોર્ડન કરી સઘન ટેસ્ટિંગ કરાતા કેસનો વાસ્તવિક આંકડો હવે બહાર આવી રહ્યો છે હજીપણ સંખ્યાબંધ પોઝિટિવ કેસ નોંધાવાની આશંકા છે. ટેસ્ટિંગમાં વધારો કરવામાં આવતા કેસો વધી રહ્યાં હોવાનું સચિવ જયંતિ રવિએ કહ્યું હતું.

દરમ્યાનમાં, અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ આજે કોરોના પોઝિટિવ કેસોને સામેથી શોધવાની મ્યુનિસિપલ કોર્પોરેશનની રણનીતિની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, હજુ ૧૦૦૦થી વધુ સેમ્પલ લઈને મોકલ્યા છે. એટલે ૧૦૦, ૨૦૦ જેટલા કેસો સામે આવવાની શક્યતા છે. સર્વે અને કેસો શોધતા અનેક મોત અટકાવી શક્યા છીએ. ૯૮૨ આરોગ્યની ટીમોમાં ૧૯૦૦ કર્મચારીઓ અને ૭૪ ઉૐઝના સ્ટાફની મદદથી કોટ વિસ્તારમાં ૧ લાખ ઘરોનો ઘરે ઘરે તપાસ કરી રહ્યા છીએ. તાવ, શરદી અને શ્વાસ લેવાની તકલીફ હશે તો સેમ્પલ લેવામાં આવશે.

## મધ્યપ્રદેશમાં કોરોના પોઝિટીવ ડૉકટરના મોતથી ખળભળાટ



ઈન્દોર,તા.૯

મધ્યપ્રદેશના ઇન્દોરમાં કરોરોનાએ કહેર વર્તાવી દીધો છે. અહીં કોરોના પોઝિટીવ કેસની સંખ્યા ૨૧૩ પહોંચી ગઇ છે. ઈન્દોરમાં પણ કેટલાંય ડૉકટર્સ કોરોનાથી સંક્રમિત છે. શહેરમાં એક સંક્રમિત ડૉકટર્સનું મોત થયું છે. જિલ્લાના સીએમએચઓ એ તેની પુષ્ટિ કરી દીધી છે. તેની સાથે જ ઈન્દોરમાં મૃતકોની સંખ્યા ૨૨ પર પહોંચી ગઇ છે. આખા મધ્યપ્રદેશમાં ઈન્દોરમાં કોરોનાથી સૌથી વધુ મોત થયા છે.સ્વાસ્થ્ય વિભાગના સીએમએચઓ ડૉ.પરવીણ જડિયાએ કહ્યું કે ડૉ.શત્રુઘ્ન પંજવાની થોડાંક દિવસ પહેલાં જ કોરોના પોઝિટીવ થયા હતા અને તેમની સારવાર ચાલી રહી હતી. ત્યારે જ તેમની તબિયત વધુ લથડી અને આજે સવારે તેમનું મોત થઇ ગયું. પંડવાની ઈન્દોરના રૂપરામ નગરમાં રહેતા હતા.કોરોના મહામારીના લીધે ઈન્દોરને સંપૂર્ણપણે સીલ કરી દેવાયું. પ્રદેશમાં પહેલી વખત કોઇ ડૉકટરનું મોત થયું છે. ડૉકટરનું મોત થયા બાદ ઈન્દોરમાં સ્વાસ્થ્યકર્મી અને સાવચેતી રાખી રહ્યા છે. કોરોના પીડિત સારવારમાં ડૉકટર અને નર્સિંગ સ્ટાફોનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. કહેવાય છે કે કોરોના દર્દીઓની સારવાર દરમ્યાન જ તેઓ સંક્રમિત થયા હતા.તો બીજીબાજુ મધ્યપ્રદેશમાં બે આઈપીએસ અધિકારી બુધવારના રોજ કોરોના વાયરસ સંક્રમિત મળ્યા. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે તેમાંથી એક અધિકારી ભોપાલમાં પદસ્થ છે. જ્યારે બીજા અધિકારી ઈન્દોરમાં પદસ્થ છે. તેમણે કહ્યું કે જો કે તેમાંથી એક અધિકારીનો બીજો તપાસ રિપોર્ટ સારો આવ્યો છે.

મધ્ય પ્રદેશમાં બુધવાર સુધી કોરોના વાયરસના ૩૯૭ પોઝિટિવ કેસ સામે આવી ચુક્યા છે. જેમાંથી ૩૦ લોકોનાં મોત થઈ ચુક્યા છે. જ્યારે ફક્ત ઈન્દોરમાં જ કોરોના વાયરસના ૨૧૩ પોઝિટિવ કેસ નોંધાઈ ચુક્યા છે, જેમાંથી ૨૧નાં મોત થઈ ચુક્યા છે.

## ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન લંબાવનાર પહેલુ રાજ્ય બન્યુ ઓરિસ્સા

ભૂવનેશ્વર,તા.૯

સંપૂર્ણ લોકડાઉનની મર્યાદા પૂરી થવામાં હવે ૬ દિવસની જ વાર છે તેવામાં ઓરિસ્સામાં લોકડાઉનની મુદત વધારી દેવામાં આવી છે. ઓરિસ્સામાં ૩૦ એપ્રિલ સુધી લોકડાઉન ચાલશે. વડાપ્રધાનએ ૧૪ એપ્રિલ સુધી લોકડાઉનની જાહેરાત કરી હતી. પરંતુ રાજયમાં વધી રહેલા કોરોનાના કેસના કારણે હવે અહીં લોકડાઉન લંબાવી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ૧૭ જૂન સુધી આ રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવશે.ઓડિશામાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના સંક્રમિત કેસોની કુલ સંખ્યા ૪૨ છે. જેમાં બે ડિસ્ચાર્સ થઈ ચૂક્યા છે, જ્યારે એક દર્દીનું મોત થયું છે. ભુવનેશ્વરમાં કોરોના વાયરસથી સંક્રમિત ૭૩ વર્ષના વૃદ્ધનું મોત થઈ ગયું હતું.

## કોરોના સંકટ: ઈસરોના બજેટમાં ૧૫ ટકાનો ઘટાડો,ઘણા મિશનમાં વિલંબ થશે

ન્યુ દિલ્હી,તા.૯

કોરોના વાઈરસના સંકજામાં હવે ઈસરો પણ આવી ગયું છે. પહેલા તો લોકડાઉનના કારણે ઈસરોના તમામ સેન્ટર્સમાં કામગીરી ઘટી ગઈ છે. બીજું કે કોરોનાએ ઈસરોના બજેટ પર પણ કાતર ચલાવવા જેવું કામ કરી દીધું છે. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન એટલે ઈસરોના નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પહેલા ત્રિમાસિકના બજેટમાં મોટો ઘટાડો આવ્યો છે.

આ ઘટાડાના કારણે ઈસરોની કાર્યપ્રણાલી પર કેટલી અસર કરશે એ કહેવું તો મુશ્કેલ છે. પરંતુ લોકડાઉન અને પૈસાની અછતના કારણે ઈસરોના ઘણા પ્રોજેક્ટ્સમાં મોડું થઈ શકે છે. એટલે કે ઘણા મિશન આ વર્ષે મોડા પડશે. કાંતો આ તમામ મિશનને ટાળવામાં આવી શકે છે અથવા આવતા વર્ષે લોન્ચ કરી શકાશે.

## દેશમાં કોરોના વાયરસના કેસ વધીને ૫૭૩૪: મૃત્યુઆંક ૧૬૬

ન્યુ દિલ્હી,તા.૯

દેશમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે ગુરૂવારે સવાર સુધી દેશમાં કુલ કોરોના વાયરસના કેસની સંખ્યા વધીને ૫૭૩૪ સુધી પહોંચી ગઈ છે, જેમાંથી ૪૭૨ કેસ એવા પણ છે દે સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. જ્યારે ૧૬૬ લોકો આ વાયરસના કારણે મોતને ભેટી ચૂક્યા છે. એક વ્યક્તિને માઈગ્રેટ કરવામાં આવ્યો છે. જેથી દેશમાં કુલ એક્ટિવ કોરોના વાયરસના મામલાઓની સંખ્યા વધીને ૫૦૯૫ થઈ ગઈ છે.

દેશભરમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. અહીં અત્યાર સુધીમાં કોરોનાના ૧૧૩૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડુમાંથી ૭૩૮ કેસ નોંધાઈ ચૂક્યા છે. આ યાદીમાં ત્રીજા નંબર પર દિલ્હી છે જ્યાં અત્યાર સુધીમાં ૬૬૯ કેસ નોંધાઈ ચૂક્યા છે. આ ઉપરાંત તેલંગાણામાં ૪૨૭, રાજસ્થાનમાં ૩૮૧, ઉત્તર પ્રદેશમાં ૩૬૧, આંધ્ર પ્રદેશમાં ૩૪૮, કેરળમાં ૩૪૫ અને ગુજરાતમાં ૨૪૧ લોકો આ સંક્રમણની લપેટમાં આવી ચૂક્યા છે.

દેશભરમાં કોરોના વાયરસથી સ્વસ્થ્ય થનારા લોકોની કુલ સંખ્યા ૪૭૨ છે. મહારાષ્ટ્રમાં જ સૌથી વધારે ૧૧૭ લોકો સ્વસ્થ્ય થઈને પોતાના ઘરે પહોંચી ગયા છે. ત્યારબાદ કેરળમાં ૮૩, તેલંગાણામાં ૩૫, કર્ણાટક અને હરિયાણામાં ૨૮-૨૮ અને ઉત્તર પ્રદેશમાં ૨૭ લોકો સ્વસ્થ્ય થયા છે. કોરોના વાયરસના કારણે દેશભરમાં અત્યાર સુધી કુલ ૧૬૬ લોકો કાળનો કોળિયો બની ગયા છે. મહારાષ્ટ્રમાં જ સૌથી વધારે ૭૨ લોકો મોતને ભેટી ચૂક્યા છે. મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં ૧૭ અને મધ્યપ્રદેશમાં ૧૩ લોકોના મોત નિપજ્યા છે.

### પેરુમાં ૨૬ એપ્રિલ સુધી ઈમરજન્સી લંબાવાઇ

## દુનિયાભરમાં ૧૫ લાખ ૧૮ હજાર લોકો કોરોનાથી સંક્રમિત: ૮૮ હજારથી વધુના મોત

ન્યૂયોર્ક,તા.૯

વિશ્વભરમાં ૧૫ લાખ ૧૮ હજાર ૭૧૯ કોરોનાના કેસ નોંધાયા છે. ૮૮ હજાર ૫૦૨ લોકોએ અત્યાર સુધીમાં જીવ ગુમવ્યા છે. ત્રણ લાખ ૩૦ હજાર ૬૦૦ લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. અમેરિકાની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૩૩ હજાર નવા કેસ નોંધાયા અને ૧૯૭૩ લોકોના મોત થયા છે. બ્રિટનમાં ૨૪ કલાકમાં ૯૩૮ના મોત થયા છે. પ્રધાનમંત્રી બોરિસ જોનસનની તબીયત સ્થિર છે અને હાલ ઁઝેમાં છે.

**રશિયા વિદેશમાંથી બે દિવસમાં ૧૨૦૦ લોકોને પરત લાવ્યું**

ન્યૂયોર્કથી પરત ફરેલા રશિયાના નાગરિકોની તપાસ કરી રહેલા સ્વાસ્થ્ય કર્મચારીઓ. રશિયા ૧૨૦૦થી વધારે નાગરિકોને વિદેશમાંથી પરત લાવ્યું છે. રશિયા છેલ્લા બે દિવસમાં વિદેશમાં ફસાયેલા તેના ૧૨૦૦થી વધારે નાગરિકોને પરત લાવ્યું છે. ૨૦ માર્ચથી અત્યાર સુધીમાં વિદેશમાં રહેતા એક લાખ ૬૪ હજાર ૬૦૦ નાગરિકો રશિયા પરત આવી ચૂક્યા છે. રશિયામાં કુલ પોઝિટેલ કેસ ૮,૬૭૨ છે અને ૬૩ લોકોએ જીવ ગુમાવ્યો છે.

**દક્ષિણ આફ્રિકામાં લોકડાઉનનો ભંગ કરનાર મંત્રી બે મહિના માટે સસ્પેન્ડ**

લોકડાઉન દરમિયાન દક્ષિણ આફ્રિકામાં કોમ્યુનિકેશન મંત્રી સ્ટેલા અંદાબેની બહાર લંચ કરવા ગયા હતા, તે તસવીર વાઈરલ થઈ છે.દક્ષિણ આફ્રિકામાં કોમ્યુનિકેશન મંત્રી સ્ટેલા અંદાબેનીને લોકડાઉનનો ભંગ કરવા બદલ બે મહિના માટે સસ્પેન્ડ કરી દેવાયા છે.તેમના ઉપર આરોપ છે કે તેઓ અમુક લોકો સાથે લંચમાં ગયા હતા અને સોશિયલ મીડિયામાં તેમની તસવીરો વાઈરલ થઈ હતી. ત્યાર પછી રાષ્ટ્રપતિ સિરિલ રામફોસાએ તેમને બે મહિના માટે રજા ઉપર ઉતારી દીધા હતા.

પેરુમાં ૨૬ એપ્રિલ સુધી ઈમરજન્સી લંબાવાઈ છે. પેરુમાં ૪૩૪૨ કેસ છે અને ૧૨૧ લોકોના મોત થયા છે. સર્બિયાના રાષ્ટ્રપતિ એલેક્ઝેન્ડર વુસિકે પોતાનો પુત્ર ડેનિલો કોરોના વાઈરસ સંક્રમિત હોવાની જાણ કરી હતી. સર્બિયામાં કુલ ૨૬૬૬ કેસ નોંધાયા છે અને ૬૫ લોકોના મોત થયા છે.

## કોરોના સંકટ:કેન્દ્ર સરકારે ઈમર્જન્સી પેકેજ જાહેર કર્યું

ન્યુ દિલ્હી,તા.૯

કોરોના વાઈરસ સંક્રમિત લોકોની સંખ્યા દેશમાં સતત વધી રહી છે. આવામાં કોરોનાથી લડવા માટે કેન્દ્ર સરકારે રાજયોની મદદ કરવા માટે પગલાં ભર્યા હતાં. કેન્દ્ર સરકારે રાજયોની હેલ્થ સિસ્ટમમાં સુધારો કરવાના ઈરાદાથી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને પૂરું ફંડ આપવાની મંજૂરી આપી હતી. આના માટે કેન્દ્ર સરકારે કોવિડ-૨૯ ઈમર્જન્સી રિસ્પોન્સ એન્ડ હેલ્થ સિસ્ટમ પ્રિપેર્ડનેસ પેકેજ જાહેર કર્યું હતું.

આ પેકેજમાં કેન્દ્ર સરકાર દ્વારા પૂરેપૂરું ફંડ આપવામાં આવશે. નેશનલ હેલ્થ મિશનના ડિરેક્ટર વંદના ગુરનાની એ એક સરક્યુલર જારી કરીને કહ્યું હતું કે ૧૦૦ ટકાના સેન્ટ્રલ પ્રોજેક્ટને જાન્યુઆરી, ૨૦૨૦થી માર્ચ, ૨૦૨૪ સુધી ત્રણ તબક્કામાં એને લાગુ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ હેઠળ કોરોના વાઈરસ સંક્રમિત લોકોની સારવાર કરવી, તેમને ક્વોરાન્ટાઈન કરવા અને રાષ્ટ્રીય અને રાજયોની હેલ્થ સિસ્ટમને મજબૂત કરવી. એ સાથે આમાં મેડિકલ ઉપકરણો, દવાઓની ખરીદી, લેબોરેટરી બનાવવી અને બાયો-સિક્યોરિટીની તૈયારી સહિત દેખરેખની કામગીરીને મજબૂત કરવી સામેલ છે.

આ સરક્યુલર દેશનાં બધાં રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો હેલ્થ કમિશનર્સને મોકલવામાં આવ્યા હતા, જેમાં કહેવામાં આવ્યું હતું કે રાજયો માટે તત્કાળ ફંડ જારી કરવામાં આવી રહ્યું છે.

પહેલા તબક્કામાં લાગુ થનારી મુખ્ય કામગીરીમાં કોવિડ-૧૯ હોસ્પિટલોને વધારવી અને અન્ય હોસ્પિટલોને વિકસિત કરવી. એ સાથે આઈસોલેશન રૂમ્સ, વેન્ટિલેટર્સની આ સાથે આઈસીયુ, હોસ્પિટલોમાં ઓક્સિજનનો પર્યાપ્ત પુરવઠો રાખવો, હોસ્પિટલોમાં લેબોરેટરીઓને આધુનિક બનાવવી. આ સાથે પહેલા તબક્કામાં લેબોરેટરી અને એમ્બ્યુલન્સ પણ વધારવામાં આવશે.

અહેવાલ મુજબ કેન્દ્રીય પેકેજથી રાજ્યમાં સુરક્ષા ઉપકરણ , એન-૯૫ માસ્ક અને વેન્ટિલેટર ખરીદવામાં મદદ કરવામાં આવશે. આની કેન્દ્ર સરકાર દ્વારા ખરીદી કરીને જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવામાં આવશે.

આ પ્રોજેક્ટના ત્રણ તબક્કા છે. પહેલો તબક્કો એક જાન્યુઆરી, ૨૦૨૦થી જૂન, ૨૦૨૦ સુધી હશે. બીજો તબક્કો જુલાઈ,૨૦૨૦થી માર્ચ, ૨૦૨૧ અને ત્રીજો તબક્કો એપ્રિલ, ૨૦૨૧થી માર્ચ, ૨૦૨૪ સુધી રહેશે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના તેરે કારણ

સમય કેવો બદલાય છે તેવી ફિલસૂફી વડિલો પાસેથી સાંભળતા ત્યારે ભરોસા ના કરતા. સમય ક્ષણ ક્ષણમાં પસાર થાય છે અને ક્ષણ અત્યંત સુક્ષ્મ છે એટલે દેખાતી નથી. કોરોના વાયરસ કરતાંય સુક્ષ્મ. બહુ લાંબો પસાર થાય ત્યારે લાગે કે ઘણું બદલાઈ ગયું. ટપાલથી ફોન, ફોનથી પીસીઓ, પીસીઓથી પેજર સુધી પહોંચતા બહુ વાર લાગેલી. પેજર પછી મોબાઈલ થોડો જલદી આવ્યો અને મોબાઈલથી સ્માર્ટફોન પણ પ્રમાણમાં ઝડપથી આવ્યો. પેઢી બદલાયા પહેલાં આ પરિવર્તને જોવા મળ્યું.કોરોના તેરે કારણ કોરોનાને કારણે ઘણા બધા લોકોની કલાત્મક, રચનાત્મક, સર્જનાત્મક બાબતો બહુ ઝડપથી ખીલી. કળીમાંથી ફૂલ ખીલે તેનો ખ્યાલ આવતો નથી, પણ તેનો ટાઈમલેપ્સ વીડિયો જોવા મળે ત્યારે ભારે અચરજ થાય છે. એવી જ રીતે કોરોના તેરે કારણ કોરોનાને કારણે જે કંઈ થયું તે બહુ જ અલગ, અપૂર્વ, અભૂતપૂર્વ, અનોખું નથી, પણ તોય જુદું તો છે જ. અચાનક આવી પડ્યું એટલે અનોખું લાગે છે અને પેલી કહેવત સાચી પાડે છે કે કલ્પના કરતાંય વાસ્તવિકતા વધારે ચોંકાવનારી હોય છે. આમાંની કેટલીક બાબતોને જોઈએ.રામાયણ સિરિયલ શરૂ થાય તે સાથે જ રસ્તા પર જનતા કરફ્યૂ લાગતો હતો. સોશ્યલ ડિસ્ટન્સિંગ સાચો શબ્દ નથી, સાચો શબ્દ ફિઝિકલ ડિસ્ટન્સિંગ છે, પણ અત્યારે આપણને સોશ્યલ શબ્દ ઉપયોગી છે એટલે રાખીએ. સામાજિક સંપર્કો ઓછા કરવા માટેની સૌને સલાહ આજે આપીએ છીએ, ત્યારે ઉલટું થતું હતું. સામાજિક સંબંધો સુધરી ગયા હતા, પડોશી સાથે નાતો નવીન અને તાજો થઈ ગયો હતો. સૌના ઘરે ટીવી નહોતા. રંગીન ટીવી તેનાથીય ઓછા હતા. એટલે જેમની પાસે રંગીન અને સારું ટીવી હોય તેમને ત્યાં રામાયણ જોવા સૌ ભેગા થતા હતા. રામાયણ શરૂ થવાની હોય તેની થોડી વાર પહેલાં હલચલ ચાલે, પણ પછી રસ્તાઓ પર ચહલપહલ થંભી જાય. આજે પણ સન્નાટો છે, ચહલપહલ થંભી ગયેલી છે અને ટીવી પર રામાયણ ચાલી રહી છે. ફરક એટલો કે સૌને ઘરે ટીવી છે. ફરક એટલો કે સૌ સાથે બેસીને જોતા નથી. ઘણા પોતાની રીતે સ્માર્ટ ફોન પર જોઈ લે છે.આકાશ આટલું ચોખ્ખું ક્યારેક લાગતું હતું? નિલા આસમાપ એવા ગીતમાં જેવો રંગ ગવાયો હોય તેવા રંગનું સ્વચ્છ આકાશ જોવા મળી રહ્યું છે. આકાશ જોવાની ટેવ જતી રહી હતી. જોતા ત્યારે ભૂખરું લાગતું અને કંઈક ખૂટતું લાગતું. મહાનગરોના આકાશ સ્વચ્છ થઈ ગયા છે, કેમ કે ધૂમાડો ઓકતા વાહનો અટકી પડ્યા છે. ધૂમાડા ઓકતા ઉદ્યોગો અને ભઠ્ઠા અટકી પડ્યા છે.હવામાં રજકણોનું પ્રમાણ પણ ચારગણું ઘટી ગયું છે. સેટેલાઈટના પિક્ચર્સ – પહેલા અને પછી એવી રીતે અપાયેલા ચિત્રો જોજો, ખ્યાલ આવશે કે કેટલું વાયુ પ્રદૂષણ હોય છે. સમય પસાર કરવા માટે તમે જાતે જ મહાનગરોમાં કેટલું વાયુ પ્રદૂષણ ઓછું થયું તેના આંકડાં અને તેની તસવીરો અને ગ્રાફ શોધો. તેને તમારી રીતે નવેસરથી સજાવીને મેસેજ મૂકો કે આટલી સ્વચ્છ હવા ભાવી પેઢીને આપી જવા ઈલેક્ટ્રિક વાહનો અને વૈકલ્પિક ઉર્જા તરફ વળવું પડશે. એકદમ ઝડપથી.આ બધું ભૂલાઈ ગયું છે એવું સાવ નથી, પણ બહુ તીવ્રપણે તે સ્પષ્ટ થઈ ગયું. લાંબો સમયથી શહેરમાં વસી ગયા પછી વતનમાં જતા રહેવાનું મન ઓછું પણ થવા લાગ્યું હશે. આ વખતે અમીર, ગરીબ સૌને લાગ્યું કે જતા રહીએ ગામડે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૦/૦૪/૨૦૨૦, શુક્રવાર, ચૈત્ર વદ-૩
સૂર્યોદય-૬-૩૩, સૂર્યાસ્ત-૭-૦૪, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ વિશાખા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૩૩ થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૪ સુધી,૧૨-૪૮થી શુભ-૧૪-૨૨ સુધી, ૧૭-૩૦થી ચલ-૧૯-૦૪ સુધી, ૨૧-૫૬ થી લાભ-૨૩-૨૨ સુધી<br>- શુભ હોરા-<br>૬-૩૩ થી ૯-૪૦ સુધી, ૮-૩૮થી ૯-૪૦ સુધી, ૧૦-૪૩ થી ૧૧-૪૬ સુધી, ૧૩-૫૧ થી ૧૬-૫૯ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૦-૦૪-૨૦૨૦ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- સગા સ્નેહીજનો સાથે મુલાકાત થાય આર્થિક રીતે લાભ રહે. વિધા અભ્યાસમાં અનુકુળતા રહેવાની રાજકીય લાભ રહે.
વૃષભ(બ.વ.ઉ.) :- તબીયત બાબત ધ્યાન દેજો માનસિક ટેન્સન હળવું થવાનું નકારાત્મક વિચારોથી દૂર રહેજો પ્રવાસનું આયોજન થાય.
મિથુન(ક.છ.ઘ.) :- વિલંબમાં પડેલા કાર્યો આગળ વધવાના મનની મુંઝવણો હળવી થતી જોઇ શકાય. ધાર્મિક યાત્રા પ્રવાસની ઇચ્છા ફળવાની.
કર્ક(ડ.હ.) :- તમારી કાર્ય કરવાની કુશળતા તમોને સફળતા તરફ લઇ જશે નવી ઓફર પણ આવે રાજકીય વ્યકિતની મુલાકાત થાય.
સિંહ(મ.ટ.) :- વિદેશ સાથેના બીઝનેશનમાં સફળતા મલવાની ભાઇ-બહેનો સાથે મિલ્કતની ખરીદીની ચર્ચા વિચારણા થાય.
કન્યા(પ.ઠ.ણ.) :- પરિવારમાં માંગલિક પ્રસંગો ઉભા થાય નોકરીમાં બદલીના ચાન્સ કાનૂની ગુંચવણોથી દૂર રહેજો આત્મવિશ્વાસ જાળવવો.
તુલા(ર.ત.) :- મહત્વના કાર્યોમાં ધ્યાન દેજો માતુશ્રીના સ્વાસ્થ્ય બાબત જાળવવું વિદેશથી લાભ મલવાનું.
વૃશ્ચિક(ન.ય.) :- નવી ભાગીદારી યોજનામાં અનુકુળતા કર્જમાં રાહત. લગ્ન ઇચ્છુકોને મનગમતી ઓફર આવે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- ટીમ વર્કનો લાભ મલવાનો આવકનું પ્રમાણ જળવાઇ રહે. નોકરીમાં મનગમતુ કાર્ય મલવાનું.
મકર(ખ.જ.) :- વિપરીત સંજોગો દૂર થતા જોઇ શકશો નવી યોજનામા સફળતા. વિદેશથી લાભ મલવાનો છે.
કુંભ(ગ.શ.સ.) :- જવાબદારીઓ વધવાની છે મિલ્કતના પ્રશ્નોમાં લાભ નોકરીમાં પ્રમોશન વિદેશ જવાની તક મલે.
મીન(દ.ચ.ઝ.) :- વિકાસ માટેના પ્રયત્નો ફળવાના સામાજીક કાર્યોમાં સફળતા નોકરીમાં નવી ઓફર આવે.

### 'સંજીવની' બદલ ટ્રમ્પે ભારતને કહ્યું થેંક યુ

## આવા કપરા સમયે જ વધે છે દોસ્તોમાં નિકટતાઃ ટ્રમ્પના ટ્વિટનો મોદીએ જવાબ આપ્યો



)ન્યુ દિલ્હી,તા.૯
કોરોના વાયરસ સામે સમગ્ર વિશ્વ ઝઝૂમી રહ્યું છે ત્યારે ભારતે માનવતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરું પાડતા અમેરિકા સહિતના કેટલાક દેશોને કોરોના વાયરસ સામે અસરકારક એવી મેલેરિયાની દવા હાઈડ્રોક્સીક્લોરોક્વીનનો જથ્થો મોકલી આપ્યો છે. ભારત દ્વારા આ દવાની નિકાસ પરનો પ્રતિબંધ કપરા સમયમાં ઉઠાવી લેવાયો છે અને તાતિ જરૂરિયાત હોય તેવા દેશોને મોકલી આપ્યો છે. ભારતે આ સંજીવની આપી હોવાથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે મોઢે વખાણ કર્યા છે. ટ્રમ્પે કહ્યું કે, 'થેંક્યૂ ઈન્ડિયા'. યુએસ રાષ્ટ્રપતિના વળતો જવાબ આપતા પીએમ મોદીએ પણ ટ્વીટ કરીને કટોકટીના સમયમાં મિત્રો વધુ નિકટ આવતા હોવાનું જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી જણાવ્યું કે, 'તમારી વાતથી હું સંપૂર્ણ સહમત છું. આવા સમયમાં મિત્રો નજીક આવી જતા હોય છે. ભારત-અમેરિકા દ્વીપક્ષીય સંબંધો પહેલા કરતા વધુ મજબૂત થયા છે.' ભારતે કોરોના સામેની લડાઈમાં તેની સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. ભારત વિશ્વભરમાં અન્ય જરૂરિયાતવાળા દેશોને સંભવિત તમામ મદદ કરશે, આપણે આ લડાઈમાં સૌ સૌથી મજીને વિજય પ્રાપ્ત કરીશું.

## જાપાનમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૦૦ કેસ પોઝિટિવ આવતા હડકંપ

ટોક્યો,તા.૯
કોરોના વાઈરસે સૌથી વધારે તબાહી યૂરોપમાં મચાવી અને હવે ત્યાં સ્થિતિ સ્થિર છે. પણ ચિંતાની વાત એ છે કે હવે આ વાઈરસ ફરી એશિયામાં તોફાન મચાવવા તૈયાર થયો છે. ચીનમાં શરૂ થયેલો વાઈરસ ભારત અને જાપાનમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. હાલ તો જાપાનની હાલત ખૂબ જ ગંભીર છે. અંદાજ એ વાતથી જ લગાવી શકાય છે કે ગુરૂવારે ૨૪ કલાકમા ૫૦૦ નવા પોઝીટીવ કેસ આવતા જાપાનમાં હડકંપ મચી ગયો છે.

જાપાનમાં મૃત્યુંદર સૌથી ઓછો હોવાના કારણે ત્યાં વૃદ્ધોની સંખ્યા વધારે છે. આ કારણે જ જાપાનના પ્રધાનમંત્રી શિંજો આબેએ ૭ જગ્યાઓ પર કટોકટી લાદી દીધી છે. જો કે આ લોકડાઉન નથી. જેથી સ્થિતિ હજુ બગડી શકે તેવી આશંકા સેવવામાં આવી રહી છે. જાપાનમાં સૌથી વધારે સંખ્યામાં વૃદ્ધો છે. દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવતા જાપાનની કંપનીઓએ પણ કર્મચારીઓને ઘરેથી કામ કરવાનું કહી દીધું છે. ત્યાં સુધી કે ટોક્યાના રસ્તાઓમાં પણ લોકો સામાન્ય દિવસોની માફક જ દેખાઈ રહ્યાં છે. અત્યાર સુધીમાં જાપાનમાં ૪,૬૬૭ લોકો કોરોના પોઝીટીવ થઈ ચૂક્યા છે. જેમાંથી ૯૪ લોકોની મોત થઈ ગઈ છે.

### અમેરિકામાં વાયરસથી ૧૪ હજારથી વધુ લોકોનો ભોગ લેવાયો

# અમેરિકામાં કોરોનાથી ૧૧ ભારતીય નાગરિકોના મોત, ૧૬નો ટેસ્ટ પોઝિટિવ

વોશિંગ્ટન,તા.૯
અમેરિકામાં કોરોનાના પગલે ઓછામાં ઓછા ૧૧ ભારતીયો મોતને ભેટ્યા છે, જ્યારે ૧૬ ભારતીયોના ટેસ્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. અમેરિકામાં કોરોનાના કારણે ૧૪૦૦૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે, જ્યારે ૪ લાખ કરતાં વધુ લોકો કોરોના પોઝિટિવ છે.

અમેરિકામાં કોરોનાથી પીડિત તમામ ભારતીય નાગરિકો પુરૂષ છે. જેમાં ૧૦ ન્યૂયોર્ક અને ન્યૂજર્સી વિસ્તારમાં છે. પીડિતોમાંથી ૪ ન્યૂયોર્ક શહેરમાં ટેક્સી ચલાવતા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ન્યૂયોર્ક સિટી અમેરિકામાં કોરોનાનું એપી સેન્ટર બની રહ્યું છે. જ્યાં ૬૦૦૦થી વધુ લોકોના મોતને ભેટ્યા છે અને ૧,૩૮,૦૦૦ લોકો પોઝિટિવ છે.



ન્યૂજર્સીમાં ૪૮૦૦૦ લોકો કોરોના પોઝિટિવ છે અને ૧૫૦૦ લોકો જીવલેણ વાઈરસના કારણે મોતને ભેટ્યા છે.

આ સિવાય એક ભારતીય નાગરિકનું પણ ફ્લોરિડામાં કોરોના વાઈરસના કારણે મોત થયુ છે. અધિકારીઓ કેલિફોર્નિયા અને ટેક્સાસ જેવા રાજયોમાં પણ કેટલાક ભારતીય મૂળના લોકોની નાગરિક્તાની તપાસ કરી રહ્યાં છે.

કોરોના પોઝિટિવ મળી આવેલ ૪ મહિલા સહિત ૧૬ ભારતીયો સેલ્ફ આઈસોલેટ છે. જેમાં ૮ ન્યૂયોર્કથી અને ત્રણ ન્યૂજર્સીમાંથી છે, જ્યારે બાકીના ટેક્સાસ અને કેલિફોર્નિયા જેવા રાજ્યોમાંથી છે. આ તમામ લોકો ભારતના ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર પ્રદેશના રહેવાસી છે. ઈન્ડિયન હાઈકમિશન ભારતીય અમેરિકન સંગઠનો સાથે મળીને કામ કરી રહ્યું છે. જેથી બારતીય નાગરિકો અને કોરોનાથી પ્રભાવિત વિદ્યાર્થીઓને જરૂરી સહાય પૂરી પાડી શકાય.

જીવલેણ કોરોના વાઈરસ આગળ વિશ્વના સુપર પાવર અમેરિકા લાચાર જોવા મળી રહ્યું છે. અમેરિકામાં સતત બીજા દિવસો પણ ૨૦૦૦ લોકો મોતને ભેટ્યાં છે. માત્ર ૨ દિવસમાં જ કોરોના વાઈરસે ૪૦૦૦ લોકોનો ભોગ લીધો છે. અત્યાર સુધીમાં ૧૪૬૯૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

## જમ્મુ-કાશ્મીરના બારામુલામાંથી જૈશનો આતંકવાદી ઝડપાયો

શ્રીનગર,તા.૯
જમ્મુ કાશ્મીરના બારામુલાથી સુરક્ષા દળોએ આતંકવાદી સંગઠનના જૈશ-એ-મોહમ્મદના એક આતંકવાદીની ઝડપી પાડ્યો છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, આતંકવાદીઓ હોવાની સૂચના મળી હતી, ત્યારબાદ બારામુલાના ચંદૂસા વિસ્તારના શિમલારન નાલાની પાસે બુધવારે રાત્રે ઘેરાબંદી કરી તપાસ શરૂ કરી હતી.

તેઓએ કહ્યું કે, આ અભિયાન સમયે બશીર અહમદ બેગ નામનો એક જૈશ આતંકવાદી એકે-૪૭ રાઈફલ અને કેટલીક ગોળીઓ સાથે ઝડપ્યો હતો. જેના પગલે સ્થાનીક પોલીસે કેસ દાખલ કર્યો હતો.જણાવી દઈએ કે, આ પહેલા ઉતરી કાશ્મીરના કેરન સેક્ટરમાં સીમા રેખામાંથી દાખલ થયેલા આતંકવાદી સમૂહ સાથે અથડામણ થઇ હતી જેમાં ૫ આતંકવાદીને ઠાર માર્યા હતા.

## ચૂંટણી વિલંબમાં થતા ઉદ્ધવ ઠાકરેને વિધાન પરિષદના સદસ્ય નિયુક્ત કરવાનો નિર્ણય

મુંબઈ,તા.૯
મહારાષ્ટ્ર સરકારે એક ઠરાવ પસાર કર્યો છે અને રાજયના ગવર્નર ભગતસિંહ કોશિયારીને કહ્યું છે કે તેઓ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેને વિધાન પરિષદના સદસ્ય તરીકે નિયુક્ત કરે, કારણ કે કોરોના વાઈરસના ફેલાવાને કારણે પરિષદની ચૂંટણી મુલતવી રાખવામાં આવી છે.

શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે હાલ રાજય વિધાનસભાના સદસ્ય નથી એટલે એમણે નિયમાનુસાર મુખ્ય પ્રધાનનો હોદ્દો સંભાળ્યાના છ મહિનાની અંદર વિધાનસભ્ય બની જવું પડે. એમણે ગયા વર્ષના નવેંબરમાં મુખ્ય પ્રધાન પદ સંભાળ્યું હતું. જો તેઓ વિધાનસભ્ય બની ન શકે તો એમણે હોદ્દા પરથી રાજીનામું આપવું પડે.

આજે યોજાઈ ગયેલી મહારાષ્ટ્ર કેબિનેટની બેઠકમાં ઠાકરે હાજર રહ્યા નહોતા. બેઠકનું અધ્યક્ષપદ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે સંભાળ્યું હતું.

મહારાષ્ટ્રમાં હાલ ૩ પક્ષોની સંયુક્ત સરકાર છે – શિવસેના, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસ. ગયા વર્ષે ખૂબ લંબાઈ ગયેલા અને નાટ્યાત્મક બની ગયેલા રાજકીય જંગને અંતે આ ત્રણ પાર્ટી મહાવિકાસ આઘાડી નામે નવું ગ્રુપ બનાવીને સત્તા પર આવી હતી.

મહારાષ્ટ્રમાં હાલ કોરોના વાઈરસે કાળો કેર વર્તાવ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આ રોગના ૧,૧૩૫ કેસો નોંધાયા છે અને ૭૨ જેટલા લોકો મૃત્ય પામ્યા છે.

## ચીનમાં ફરીથી કોરોનાએ ઉથલો માર્યો, નવા ૬૩ કેસ, બેના મોત

બેઈજિંગ,તા.૯
ચીનમાં કોરોના વાયરસે ફરી એક વખત ઉપાડો લીધો છે. લાંબા સયમ સુધી તાંડવ મચાવ્યા બાદ ચીનમાં કોરોના વાયરસના નવા કેસ એકદમ બંધ થઈ ગયા હતા. પરંતુ હવે ત્યાં ફરીથી કોરોનાના કેસ નોંધાવવાના શરૂ થઈ ગયા છે. બુધવારે ત્યાં કોરોનાના લગભગ ૬૩ નવા કેસ નોંધાયા છે. જેની સાથે જ અહીં બીજા તબક્કામાં કુલ કેસ ૧૦૦૦નો આંક વટાવી ચૂક્યા છે.

ચીની સ્વાસ્થ્ય વિભાગ પ્રમાણે બુધવારના રોજ જે ૬૩ નવા કેસ નોંધાયા છે. તેમાંથી ૬૧ બહારથી આવેલા લોકો છે. એવામાં હવે એ વાતનો ખતરો વધી ગયો છે કે ચીનમાં ક્યાંક આ વાયરસ ફરીથી ન ફેલાવા લાગે. એવામાં આ કેસ એવા સમયે પ્રકાશમાં આવ્યા છે જયારે વુહાનમાં લગભગ એક મહિના કરતા વધારેના સમયગાળા બાદ કરફ્યૂ હટાવવામાં આવ્યો છે. નોંધનીય છે કે ચીનમાંથી કરફ્યૂ હટતાની સાથે જ હજારોની સંખ્યામાં લોકો રસ્તાઓ પર નિકળી આવ્યા હતા.ચીનમાં નવા નોંધાયેલા ૬૩ કેસ ઉપરાંત ચીનમાં બે લોકોના મોત પણ નિપજ્યા છે. જેની સાથે જ કોરોના વાયરસના કારણે મૃત્યુ પામનારા લોકોનો આંકડો ૩૩૩૫ થઈ ગયો છે. જ્યારે કુલ કેસની સંખ્યાએ ૮૧ હજારનો આંક વટાવી દીધો છે. બીજા ફેઝમાં ચીનમાં કોરોના વાયરસના કેસની સંખ્યા ૧૧૦૪ થઈ ગઈ છે.

## કેન્દ્ર સરકાર નાના-મધ્યમ ઉદ્યોગો માટે રાહત પેકેજ જાહેર કરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૯
કોરોનાના કારણે દેશની ઈકોનોમીને બચાવવા માટે સરકાર હવે નાના અને મધ્યમ ઉદ્યોગો માટે એક લાખ કરોડ રૂપિયાનું પેકેજ આપવાની તૈયારી કરી રહી છે. જેની જાહેરાત સરકાર ટૂંક સમયમાં કરી શકે છે. આ ખબર એક ન્યૂઝ એજન્સીએ બે વરિષ્ઠ અધિકારીઓનો ટાંકીને આ જાણકારી આપી હતી. આ અગાઉ સરકારે દેશના ગરીબ લોકોને રાહત આપતા ૧.૭ લાખ કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું હતું. બાદમાં ઈન્ડસ્ટ્રી તરફથી રાહત આપવાની સતત માંગ કરવામાં આવી રહી હતી. ઉદ્યોગ ચેમ્બર્સ આ બાબતને લઈને દબાણ ઉભુ કરી રહ્યા હતા કે કોરોનાથી જો ઉદ્યોગ બચાવવો હશે તો સરકારે રાહત પેકેજની જાહેરાત કરવી પડશે.ઈન્ડસ્ટ્રી ચેમ્બર અસોચૈમે કહ્યું કે, ભારતીય અર્થવ્યવસ્થાને સહારો આપવા માટે ઓછામાં ઓછી ૨૦૦ અબજ ડોલરની પ્રોત્સાહન રકમની જરૂર છે. જો ત્રણ મહિનામાં ૫૦-૧૦૦ અબજ ડોલરની જરૂર છે. આ રકમ નોકરીઓ અને આવકને થયેલા નુકસાનના વળતરના રૂપમાં હશે. સરકારે જીએસટીમાં ત્રણ મહિના માટે ૫૦ ટકા અને આર્થિક વર્ષ માટે ૨૫ ટકા ઓછો કરવા પર વિચાર કરવો જોઈએ.

## શેરબજારમાં તેજીઃ સેન્સેક્સ ૧૨૬૫ પોઈન્ટ ઉછળ્યો

*મુંબઈ,તા.૯*
ગુરૂવારના અંતિમ ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેર માર્કેટ વધીને સેટલ થયા છે. બીએસઈ બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧,૨૬૫.૬૬ અંક અથવા ૪.૨૩ ટકાના વધારા સાથે ૩૧,૧૫૯.૬૨ નજીક જ્યારે નિફ્ટી ૫૦ આંક પણ ૩૬૩.૧૫ અંક અથવા ૪.૧૫ ટકા કૂદીને ૯,૧૧૧.૯૦ નજીક સેટલ થયા છે.

બેંક નિફ્ટની વાત કરીએ તો ઈન્ડેક્સ ૯૬૭ અંક ઉછળીને ૧૯,૯૧૩ નજીક સેટલ થયો છે. આ સિવાય બીએસઈ પર મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૩.૬૩ ટકા અને ૩.૧૫ ટકાની તેજી સાથે બંધ આવ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ આજે લગભગ ૧૮૩૬ શેર્સમાં તેજી, ૫૪૦ શેર્સમાં મંદી જ્યારે ૧૭૦ શેર્સ ફેરફાર વગર બંધ આવ્યા છે. અન્ય સેક્ટર્સની વાત કરીએ તો આજે ઓટો સેક્ટર્સમાં ૧૦ ટકાથી વધુની તેજી જોવા મળી છે.જ્યારે મેટલ ઈન્ડેક્સમાં ૫.૧૩ ટકા, રિયાલિટી ઈન્ડેક્સમાં ૩.૨૪ ટકા, ફાર્મા ઈન્ડેક્સમાં ૪.૬૨ ટકા, પાવર ઈન્ડેક્સમાં ૨.૭૬ ટકા અને એફએમસીજી ઈન્ડેક્સમાં ૦.૩૫ ટકા સુધીની તેજી જોવા મળી છે. આજે ઉદ્યોગ જગતને રાહત પેકેજની આશાના કારણે આજ માર્કેટને સપોર્ટ મળ્યો છે. જ્યારે બીજી તરફ ગ્લોબલ માર્કેટમાં પોઝિટિવ સંકેત રહેતા પણ ઘરેલું માર્કેટને સપોર્ટ મળ્યો છે. ગ્લોબલ માર્કેટની વાત કરીએ તો અમેરિકન માર્કેટમાં બુધવારે તેજી જોવા મળી. રશિયા દ્વારા તેલ ઉત્પાદનમાં કાપ મૂકવાના સંકેતો બાદ કાચા તેલના ભાવમાં ગુરુવારે તેજી જોવા મળી છે.કોરોના વાયરસનો તોડ જલ્દી મળી જશે એવા પોઝિટિવ સમાચાર વહેતા થતા માર્કેટને સપોર્ટ મળ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૪ એપ્રિલે સમાપ્ત થતા લોકડાઉનને આગળ વધારી શકે છે. એવા મજૂબત સંકેત હાલ દેખાઈ રહ્યા છે. જો કે, આ નિર્ણય રાજયોના મુખ્યમંત્રીઓ સાથેની બેઠક બાદ લેવામાં આવશે.

### કોરોના મહામારી

## બિલ ગેટ્સે બિહાર માટે ૧૫ હજાર કોરોના ટેસ્ટ કિટ મોકલી

પટણા,તા.૯
કોરોના વાયરસ વિરુદ્ધ જંગમાં માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સની સંસ્થા બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનને બિહારને મોટી રાહતરુપે મદદ મોકલી છે, આ ફાઉન્ડેશન તરફથી બિહારને ૧૫૦૦૦ કોરોના ટેસ્ટ કિટ મોકલવામાં આવી છે. સ્વાસ્થ વિભાગના એક અધિકારીએ આ માહિતી આપી હતી.ઉલ્લેખનીય છે કે આ પહેલીવાર નથી બન્યુ જ્યાં બિલ ગેટ્સે બિહારને મદદ કરી હોય. ફાઉન્ડેશન તરફથી પહેલા પણ બિહાર સરકારને અનેક પ્રકારની મદદ મળતી રહી છે. બિલ ગેટ્સ જાતે પણ બિહારની મુલાકાત લઈ ચૂક્યા છે અને મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે અનેક વાર ભેટ કરી ચૂક્યા છે. હવે કોરોના જેવી ઘાતક મહામારી વચ્ચે બિલ ગેટ્સની સંસ્થાએ બિહારને



મહત્વની અને ઘણી મોટી મદદ મોકલી સંબંધોને મજબૂત કર્યા છે.

મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન એક એવી સંસ્થા છે જે વિતેલા ૨૦ વર્ષથી બાળકોના સ્વાસ્થને લઈને વિશ્વભરમાં જાગરુકતા ફેલાવવાનું કામ કરી રહી છે. સંસ્થા બાળકોના રસીકરણનું પણ ઉમદા કાર્ય કરતી આવી છે. મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશન બિહાર સરકાર સાથે અનન્યા નામકની સંધી કરી છે જેમાં વિભિન્ન સ્વાસ્થ સંબંધી વિષયો પર ખાનગી અને જાહેર સંગઠનો સાથે મળીને કામ કરવામાં આવે છે. આ હેઠળ પરિવાર નિયોજન, પોષણ, બાળ રસીકરણ, સ્વસ્છતા અને ચેપી રોગો પર અંકુશ જેવા કાર્યો કરવામાં આવે છે.

# મહામારી! મહામારી! મહામારી!

કુદરતનો આ ખેલ નિરાળો,
માનવથી માનવ ગભરાયો…×

સાચે આ છૂતાછૂતની બિમારીએ આજે સમગ્ર સૃષ્ટિને બાનમાં લીધી છે.

આજે કયારેય પણ ન થાકનારી મુંબઈ પણ થંભી ગઈ છે અને ભેંકાર એક એવો સન્નાટો ચારે ઓર પ્રસરી ગયો છે. નીરવ શાંતિ છે પણ ગીતામાં લખ્યું જ છે કે સમસ્યા હોય તો સમાધાન પણ ચોક્કસપણે હોય જ છે .


આજે ભલે કોરોના એક મહામારી હોય પણ એનો અંત તો નિશ્ચિત છે, એનાં માટે જરુરી પરિબળ છે સંયમ ,સહકાર અને સ્વાધ્યાય…

આ ત્રણ પરિબળોથી આપણે આ અદ્રશ્ય દુશ્મનથી જરુર ફતેહ મેળવી શકીશું.

આજે આ મહામારીમાં સૌથી ખરાબ સ્થિતિ હોય તો દહાડી મજદુર એટલે કે રોજ કમાઈને રોજ ખાનારા અને બીજા હોય તો નીચલો વર્ગ અને બીજાં એ લોકો જે પૈસા હોવા છતાં પણ વસ્તુ ભરવામાં માનતાં નથી .દોસ્તો આપણાં વડવાઓની દીર્ઘદ્રિ્ષ્ટ કહો કે ગમે તે તેઓ આખાં વર્ષનું દાણાદુણી ભરી રાખતાં. ઉનાળો આવ્યો નથી ને ઘરની સ્ત્રીઓ વસ્તુ ભરવામાં લાગી જતી જેમાં સીઝનપ્રમાણે દાળ, ચાોખા, ઘઉં, મસાલા,અથાણાં ,વેફર ,

વડી પાપડ આ બધું જ બનાવવામાં આવતું હતું.

લોકો કહેતાં ,× ઉનાળામાં કામ કરો અને આખું વર્ષ ખાઉ ,×આની પાછળનો ભાવાર્થ આજે આ કટોકટીનાં વખતમાં સમજાય છે કારણ વસ્તુ ઘરમાં ભરેલી હોય તો આવાં સમયમાં કેટલું સારું પડે કે આજે પૈસા દેતાં પણ સારી વસ્તુ મળશે કે નહીં એ પણ એક મુંઝવણ છે. આવાં સમયે અથાણાં , વડી શાકની ગરજ સારે છે .આ આપણાં પૂર્વજો બાખુબી જાણતાં કારણ એમણે આવી કટોકટી જાઈ હતી .



દોસ્તો આપણાં જેવી ખાણીપીણી દુનિયામાં બીજે કયાંય છે જ નહીં ,કદાચિત એટલે જ આપણી રોગપ્રતિકારક શકિત પણ વધારે છે.

આજે આ બિમારીએ માઝા મૂકી છે કારણ એની યોગ્ય દવા હજી શોધાણી નથી . આખું વિશ્વ આ બિમારીની દવા શોધવામાં લાગી ગયું છે ત્યારે આપણાં દેશમાં આની દવા પણ છે અને વિદેશમાં એની માંગ પણ છે .

આજે આપણે મોદીજીની છત્રછાયામાં પ્રગતિનાં પંથે તો છે જ સાથે એમનાં એક જ ઈશારે આખું વિશ્વ એક થઈને કોરોનારૂપી અંધકારને દૂર કરવાં ઘરેઘરે લોકોએ દિવાળી મનાવી દીપ પ્રજવલિત કર્યા એટલું જ નહીં અમેરિકા જેવી મહાસત્તા પણ મોદીજી પાસે નતમસ્તક થઈને ડોનાલ્ડ ટ્રંમ્પે કોરોનામાં કારગત એવી આપણાં દેશની મેલેરિયાની દવા હાઈડ્રોકલોરિન મોકલવા માટે આજીજી ભર્યુ નિવેદન કર્યુ છે .

ખરેખર દોસ્તો આવાં વડાપ્રધાન પર તો આપણે ગર્વ લેવો જ રહ્યો.

આજે મેડીકલ સ્ટાફ, ડોક્ટરો ,નર્સો અને આપણી પોલીસ ફોર્સ જે દિન રાત પોતાનાં પ્રાણની પણ પરવાહ કર્યા વગર ખડેપગે ઊભાં રહીને એમની ફરજ અદા કરે છે આવાં દેશભકતોને આ નિયતી સલામ કરે છે . આજે આખો દેશ આ બિમારીમાં ઝઝુમી રહ્યો છે ત્યારે સામાજિક સંસ્થાઓએ આગળ આવીને જરૂરતમંદ સુધી જોઈતી સહાય પહોચાડી છે અને લોકોએ પણ આગળ આવીને દિલ ખોલીને દાન અને પોતાની રીતે સહાય પણ કરી છે એનું અહીં એકવાત હું ચોકકસ કહેવાં માગું છું,

મારી એક મિત્ર રશ્મિ ડોડિયાને મેં કેમ છો પુછવાં ફોન કર્યો ,રાતે ૧૧વાગે એનાં ઘરમાં કુકરની સિટી વાગતી હતી! કુતુહલવશ પુછતાં ખબર પડી કે બોરીવલીનાં માગાઠાણેમાં જે એનાં ઘરથી ૧૫મિનીટનાં અંતરે છે ત્યાં ૨૫ જણ ભુખ્યાં બેઠાં છે એમને માટે એ રાતનાં ૧૧વાગે વેજી ખીચડી બનાવી રહી હતી .ખરેખર આવાં સેવાભાવ અને માનવતા જયાં સુધી આપણાં દેશમાં છે ત્યાં સુધી આ કોરોનારૂપી દાનવ આપણું વધુ નુકસાન કરી નહીં શકે એતો નકકી જ છે .દોસ્તો બીજું આપણી પાસે આયુર્વેદિક દવાનો પણ ખજાનો છે કદાચિત આ બાબતે કોઈનું ધ્યાન ન પણ ગયું હોય પણ બેંગ્લોરુનાં એક આયુર્વેદનાં ડૉક્ટરનો એવો દાવો છે કે એમણે પાંચ જ દિવસમાં પ્રિન્સ ચાર્લ્સને સ્વસ્થ કરી દીધાં એમનાં આ દાવામાં સચ્ચાઈ હશે તો એ દિવસ દૂર નથી જયારે આ મહામારીમાંથી આપણે મુક્ત થઈ શકીશું, આમ પણ આપણી રોગપ્રતિકારક શકિત, આસ્થા અને માનવતા જોઈને આ મહામારી આપણાં દેશમાં વધારે નહીં ટકે એ તો નિશ્ચિત જ છે.

દોસ્તો એક બાજુ આ મહામારી પણ બીજીબાજુ પ્રકૃતિ નવાવસ્ત્ર ધારણ કરી રહી છે.માનો તો ખીલી ઉઠી છે, ચારેબાજુ જે આપણે લીધે ધ્વનિપ્રદુષણથી લઈને અનેક પ્રદુષણ આપણી આ ધરા મુક્ત થઈ રહી છે હા ધ્વનિ તો છે! પણ કોની? પક્ષીઓના કલરવની, મીઠી કોયલડીનાં ટહુકારની જે ખરેખર આનંદ દાયક છે .

આજે વાતાવરણમાં પ્રદુષણનાં પ્રમાણમાં બહોળો ઘટાડો જોવા મળ્યો છે અને ખરેખર શું આ સૃષ્ટિ હવે ખરા અર્થમાં જીવવા લાયક થઈ રહી નથી?

જિજ્ઞા કપુરિયા
નિયતી

# RIGHT TO RELIGION IN INDIA DURING THE OUTBREAK OF COVID–19

The darkest days of the wrold, in the year 2019-2020, which has taken the lives of thousands of an innocent people without any cause by the hidden enemy COVID-19, in which the wrold's biggest Nations were fighting as helpless. In today's time, entire Nation is under shocking threat of wide spread pandemic COVID – 19, which has shocked and surprised not only Nation, but entire wrold. As the Wrold and Nation is in a deep shock and srorow that a hidden enemy is taking life of an innocent people, and fighting in saving life of contaminated peoples from killing virus COVID-19, is an era where the Mankind has achieved the highest peak of success in all hroizons and aspects in universe.

Our nation is fighting against COVID – 19, from beginning of year 2020, and to break a chain/cycle of spreading in community, our Prime Minister has given a one day Janta Curfew which is in other wrods called as "care fro you", on 22.03.2020. The Nationwide lockdown is declared by Union Government fro 21 days starting from 25.03.2020 to 14.04.2020, to save the life of 130 crroes of peoples of India. As there is non availability of medicine, and also to restrict and restrain COVID-19, is an herculean task, and only weapon available is "Social distancing" to save life's. That considering the outbreak of Pandemic COVID-19, Union Government has implemented and imposed the Epidemic Diseases Act & Disaster Management Act, and declared a Nationwide lockdown fro 21 days to restrict and spread of the COVID-19 in the community.

In India, there were different religions, sects and communities which profess and practice their own religion e.g., Hindu, Muslim, Sikh, Jain, Buddha etc. The incident of mass gathering is wholly restricted in entire Nation, but Madresa/ Masjid run by the Muslims were not obeying the lockdown and perfroming their religious Namahj collectively. The Madresa run by Tabliqi Samaj "Markaz" at New Delhi found with mroe than 3000 followers come across India and Abroad. The followers were taken fro medical check-up and put under quarantine as they were found containimated with COVID-19. The Maulna Mahammad Saad is not following the law and advising not to take any medicine.

It is also noticed that Maulanas/Leaders from Muslim community were giving their hate speeches which misguided the Muslim followers and wrecked the cycle of social distancing and spread the COVID-19 amongst the Muslims and the other people who come to his contact, which has boost on an around 40% cases, which is the biggest threat to the Health of India during the spread of pandemic COVID-19.

Thus, the Maulana and Muslim Leaders were professing and enticing religious people in a way that has increase the contamination amongst themselves and within the community also. Thus, the question arise is whether such Maulana ro Leaders to be punished under the existing law when the India is Sovereign, Socialist, Secular and Democratic Republic County ? The right to freedom as per Article 25 to 28 of the Constitution of India provides the Fundamental Right to wroship the religion of his own choice. Though it is not uncontrolled, ro absolute, but regulated ro banned fro the reasons of Public Order, Mroality & Health by making Laws. The India is a Secular State, meaning thereby the State is not having its own Religion but the citizens are free to wroship accroding to his conscience and free to profess, practice and propagate religion of his choice.

It is also evident in our Nation, that whenever there is terrroist and extremist activity is noticed, with an involvement of Muslim community only, because of their blind adherence of the hate speeches from their Muslim Guru/Leader/ Maulana, became a majro problem in India, under the umbrella of Secularism. The Secularism is a respect fro all Religion, but not provided any absolute right to profess, propagate and practice a religion which is harmful fro the Health of the People as per the wisdom of Article 25(1) of the Constitution of India. In many State the Muslim areas, were not supproting fro the medical examinations and also throwing stone on the Medical Team and Police, which is taking care of the investigation. Thus, the immediate actions must be initiated to curb such un-ethical religion practice and professing of Muslim religion in which the mass gathering (Namaj) is perfromed, when entire Nation is in LOCKDOWN position and fighting against the virus. As no one is above the law, when the nation is under the threat of the hidden virus COVID-19, the strict actions must be initiated against the Indian Penal Code and to curb and banned such religious activity in a nationwide outbreak of pandemic, COVID-19

The wroldwide outbreak of COVID – 19 has trembled each and every Nation in saving the lives of the people against the wide spread of the novel croona virus amongst the citizens who are dying in a tragic disease and when no specific medicine is able to save lives. Therefroe, in India, every Religion is obeying the lockdown except the extremist Muslim community who were not obeying laws, and following the hate speeches of Maulanas who were the spiritual Gurus. The offending attitude in non cooperating law and restraining the medical investigation is a biggest threat to the Health of the people of India, and will takes a life's of thousands of people by non cooperating in medical investigation.

In India, Rule of Law is accepted, the Religion is not above law, and hence such unethical practices of the particular community must be banned and curbed down with the prevailing law and mroe particularly to prohibit the right to profess, practice and propagation of the Muslim Religion, as assigned under Article 25(1) of the Constitution of India, by enfrocing the existing laws ro by making a specific law in this regard. The Nation has always paid equal rights to all religion, but considering the behaviro and attitude of the Muslim religion, the unethical and harmful activities under the umbrella of Secularism is requires to be scrutinized under the Constitutional mandate when it is an imminent danger to the Health of the People of India. The strict actions within the law are expected in the larger public interest and hope that Rule of Law will prevail against the unethical practices of particular Religion.

**A Bold Thought – Bharat Vyas**

# ૧૫ એપ્રિલથી ટ્રેનો શરૂ થાય તેવી વકી: ૪ કલાક વહેલું સ્ટેશન પહોંચવું પડશે

ન્યુ દિલ્હી,તા.૯

લોકડાઉનના કારણે બધં થયેલું ટ્રેનોનું ઓપરેશન ૧૫ એપ્રિલથી ફરી એકવાર શરુ થઈ શકે છે. ભારતીય રેલવે એ ટ્રેનોના ઓપરેશનને ફરી શરુ કરવા માટે જરી પ્રોટોકાલ તૈયાર કરી દીધા છે. નવા પ્રોટોકોલ મુજબ, મુસાફરોને ટ્રેનના નિયત સમયથી ચાર કલાક પહેલા રેલવે સ્ટેશન પહોંચવું પડશે. રેલવે સ્ટેશનમાં પ્રવેશતાં પહેલા તમામ મુસાફરોનું થર્મલ સ્ક્રીનિંગ થશે. થર્મલ સ્ક્રીનિંગ પાસ કરનારા મુસાફરોને જ રેલવે સ્ટેશનમાં પ્રવેશ કરવાની મંજૂરી આપવામાં આવશે. આ ઉપરાંત, મુસાફરોને તાવ, ઉધરસ, શરદીની ફરિયાદ હશે તો તેમને પ્રવાસની મંજૂરી નહીં આપવામાં આવે.

રેલવેના વરિ અધિકારી અનુસાર, ૧૫ એપ્રિલથી આરક્ષિત નોન એસી સ્પીપર શ્રેણીમાં જ મુસાફરી કરવાની મંજૂરી હશે. ટ્રેનોમાં ન તો એસી કોચ હશે અને ન તો અનારક્ષિત કલાસમાં મુસાફરી કરવાની મંજૂરી હશે. એટલું જ નહીં, રેલવે સ્ટેશનમાં માત્ર નોન એસી સ્લીપર શ્રેણીમાં ટિકિટ બુકિંગ કરાવનારા મુસાફરોને જ પ્રવેશ આપવાની મંજૂકરી હશે. આ દરમિયાન, કોઈ પણ સ્ટેશનમાં પ્લેટફોર્મ ટિકિટોનું વેચાણ સમગ્રપણે પ્રતિબંધિત હશે. જે મુસાફરોની પાસે વેઈટિંગ ટિકિટ હશે તેઓ પણ રેલવે સ્ટેશનમાં પ્રવેશી નહીં શકે. આ ઉપરાંત રેલવેએ વરિ નાગરિકોને હાલ મુસાફરી ન કરવાની સલાહ આપવાનું વિચાયુ છે.ભારતીય રેલવેના વરિ અધિકારી મુજબ, મુસાફરી કરનારા તમામ લોકોને પોતાના સ્વાસ્થ્ય સાથે જોડાયેલી જાણકારી પ્રવાસના નિર્ધારિત સમયથી ૧૨ કલાક પહેલા રેલવેને જણાવવી પડશે. પ્રવાસ દરમિયાન, કોઈ પણ મુસાફરમાં ઉધરસ, તાવ જેવા લક્ષણ જોવા મળે છે તો તેમને તાત્કાલિક ટ્રેન રોકાવીને નીચે ઉતારી દેવામાં આવશે.

## વિશ્વ આરોગ્ય સંગઠનનો ટ્રમ્પને જવાબ

# જો આપણે સુધર્યા નહીં તો સૌની સામે લાશોના ઢગ હશે

જિનિવા,તા.૯

કોરોના વાયરસથી દુનિયાભરમાં અત્યાર સુધીમાં ૮૮ હજારથી વધુ લોકોનાં મોત થઈ ચૂક્યા છે. માત્ર અમેરિકામાં જ અત્યાર સુધી ૧૪૭૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૪ લાખ ૩૦ હજાર અમેરિકનો કોરોના પોઝિટિવ છે. એવામાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પર જોરદાર નિશાન સાધ્યું છે. તેઓએ આ ભયાનક સ્થિતિ માટે ડબલ્યુએચઓને જવાબદાર ઠેરવ્યું છે. પરંતુ હેવ ટ્રમ્પને ડબલ્યુએચઓના ડાયરેક્ટર જનરલ ટેડરોસ અધાનોમ ગેબ્રિયેસસએ વળતો જવાબ આપતા કહ્યું કે, કોરોના વાયરસ પર રાજકારણ ન કરવું જોઈએ.જીનેવામાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ડબલ્યુએચઓના ડાયરેક્ટર જનરલે કહ્યું કે, કોરોના વાયરસ પર રાજકાકરણ ન કરવું જોઈએ. હાલ જરૂર છે કે આપણે સૌ સાથે મળી કામ કરીએ. જો તમે નહીં સુધરો તો આપણી સામે વધુ કૉફિન પડેલા હશે. હાલનો સમય કોરોના વાયરસની લડાઈમાં ચીન અને અમેરિકાએ સાથે મળી કામ કરવું જોઈએ.ટેડરોસે ડબલ્યુએચઓનો બચાવ કરતા કહ્યું કે, નવા વર્ષના દિવસે જ્યારે ચીનમાં આ વાયરસ વિશે જાણવા મળ્યું તો ડબલ્યુએચઓ તાત્કાલિક હરકતમાં આવી ગયું. ૫ જાન્યુઆરીએ અમે તમામ સભ્ય દેશોને તેની સૂચના આપી દીધી. ત્યારબાદ ૧૦ જાન્યુઆરી સુધી વાયરસથી લડવા માટે ગાઈડલાઈન્સ પણ જાહેર કરી દેવામાં આવી. જ્યારે જાણવા મળ્યું કે આ વાયરસથી કોમ્યુનિટી આઉટબ્રેક થઈ રહ્યો છે તો અમે પબ્લિક હેલ્થ ઈમરજન્સીની જાહેરાત કરી દીધી.

# અંબાજી ના વાતાવરણ માં પલ્ટો આવ્યો,ગરમી થી રાહત થઈ



અંબાજી પંથકમાં વાતાવરણમાં પલટો બનાસકાંઠા જિલ્લાના અંબાજીમાં અચાનક વાતાવરણમાં આવ્યો એકાએક પલટો વાતાવરણમાં પલટો આવતાં આકાશમાં કાળાડિબાંગ વાદળો છવાયા ઉનાળાની ભર ઋતુમાં ઠંડક પ્રસરી બપોરની કડકડતી ગરમી બાદ વાતાવરણમાં પલટો આવતા સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી અને આકાશમાં કાળાડિબાંગ વાદળો છવાયા આ સાથે કમોસમી વરસાદનું ઝાપટું પડે તેવા એંધાણ વર્તાઇ રહ્યા છે

કમોસમી વરસાદથી ખેડૂતો નો પાક પણ નિષ્ફળ જાય તેવી શકયતા વાતાવરણમાં એકાએક પલટો આવતા જગતનો તાત મુકાયો ચિંતામાં બનાસકાંઠા જિલ્લાના અંબાજીમાં વાતાવરણમાં એકાએક પલટો અગાઉ પણ કમોસમી વરસાદના લીધે બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને નુકસાન થયું હોવાનું પણ સામે આવેલ છે જયારે હાલમાં વાતાવરણમાં પલટો આવતો પણ જગતનો તાત મુકાયો ચિંતામાં..

લક્ષ્મણ ઠાકોર અંબાજી

# ભારતે આવશ્યક દવાઓ શ્રીલંકા મોકલી: પ્રમુખ ગોટબાયાએ મોદીનો આભાર માન્યો

ન્યુ દિલ્હી,તા.૯

કોરોના વાઈરસ રોગચાળો દુનિયાભરમાં ફેલાયો છે. દક્ષિણ એશિયામાં પણ આ રોગનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે ભારત અનેક દેશોને પોતાનાથી શક્ય મદદ કરી રહ્યું છે. ભારત સરકારે પડોશી શ્રીલંકાને ૧૦-ટન જેટલી જીવનાવશ્યક દવાઓ મોકલી છે. શ્રીલંકાને તેના નાગરિકોને કોરોનાથી બચાવવા માટે આવશ્યક દવાઓનો પહેલો જથ્થો ભારતે મોકલ્યો છે.

આ ૧૦-ટન કન્સાઈનમેન્ટમાં હાઈડ્રોક્સીક્લોરોક્વીન તથા પેરાસિટામોલ દવાઓનો પણ સમાવેશ થાય છે. શ્રીલંકાના પ્રમુખ ગોટબાયા રાજપક્ષાએ આ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે. ગોટબાયાએ ટ્વિટર પર પોસ્ટ મૂકીને વડા પ્રધાન મોદી અને



ભારતની જનતાનો આભાર માન્યો છે.ગોટબાયા રાજપક્ષાએ લખ્યું છે કે, 'વિશેષ ચાર્ટર્ડ ફ્લાઈટ દ્વારા શ્રીલંકામાં જરૂરી દવાઓ મોકલવા બદલ હું માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ભારત સરકાર અને ભારતની જનતાનો આભાર માનું છું. આ જરૂરિયાતના સમયમાં તમારા દયાળુ અને ઉદાર સમર્થનની હું સરાહના કરું છું.'

કોલંબો સ્થિત ભારતીય હાઈ કમિશને પણ ટ્વીટ કર્યું છે અને લખ્યું છે કે, 'ભારત તરફથી ભેટના સ્વરૂપમાં જીવનાવશ્યક દવાઓનો પહેલો જથ્થો શ્રીલંકા પહોંચી ગયો છે. આ કઠિન સમયમાં સહયોગ એક મજબૂત દોસ્તીનું પ્રતીક છે. આ કાર્ય બદલ એર ઈન્ડિયાનો ખૂબ ખૂબ આભાર.'

### વડનગર ગ્રામ પંચાયત દ્વારા

## લોકડાઉનની પરિસ્થિતી માં જરૂરિયાતમંદોને ભોજન મળી રહે એ માટે ચાલુ કરાયું અન્નક્ષેત્ર



કોરોના જેવી વિકરાળ પરિસ્થિતિમાં જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે ત્યારે અનેક સામાજિક સંસ્થાઓ જરૂરિયાતમંદ લોકોની મદદે આવી છે ત્યારે ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વડનગર ગામે વડનગર ગ્રામ પંચાયત દ્વારા જ્યારે લોકડાઉનની શરૂવાત થાય ત્યારે વડનગર સ્થિત અંબુજા કંપનીના કામદારોને ભોજનની વ્યવસ્થા પૂરી પાડી એક સેવાના કાર્યની શરૂવાત કરવામાં આવી હતી અને વડનગર ગ્રામ પંચાયતની આ સેવા માત્ર એક દિવસ પૂરતી નહોતી પરંતુ જ્યારથી લોકડાઉન શરૂ થયું ત્યારથી લોકડાઉન પૂરું થશે ત્યાં સુધી રોજ વડનગર ગામના તમામ જરૂરિયાતમંદ વ્યક્તિઓને ભોજન મળી રહે એ માટે અન્નક્ષેત્ર શરૂ કરી તમામ જરૂરિયાતમંદો ના ઘરે ટિફિન પહોચાડી વડનગર ગ્રામપંચાયત દ્વારા એક મોટું સેવાનું યજ્ઞ શરૂ કરવામાં આવ્યું છે ,આ સેવા યજ્ઞમાં વડનગર ગ્રામ પંચાયતના ઉત્સાહી સરપંચ ભરતભાઈ સોલંકી, ઉપસરપંચ કાળાભાઈ , ગ્રામ પંચાયત સભ્ય અશ્વિનભાઈ જોટવા, કરશનભાઈ સોલંકી,રાણા ભાઈ ગાધે ,ભુપતભાઈ ગાધે,ખીમાભાઈ જોટવા, વિજયભાઈ ઝાલા,ભરતભાઈ એલ સોલંકી,નરેશ જોટવા,મયુર જોટવા તેમજ એડવોકેટ લલિતભાઈ વાળા સહિતની વડનગર ગામની સમગ્ર યુવા ટીમ જરૂરિયાતમંદો ના ઘરે કાયમી ટિફિન પહોચાડી કોરોના જેવી વિકટ પરિસ્થિતિમાં વડનગર ગામના લોકોને મદદ કરી રહ્યા છે જે અન્ય ગ્રામપંચાયતોને પણ શીખવા જેવું છે

વધુમાં વડનગર ગ્રામ પંચાયતના સરપંચ ભરતભાઈ સોલંકી દ્વારા જણાવવામાં આવ્યું કે આ અન્નક્ષેત્ર લોકડાઉન શરૂ થયું ત્યારથી લોકડાઉન પૂરું થશે ત્યાં સુધી ચાલુ રહેશે અને આવનારા સમયમાં પણ આવી કોઈ વિકટ પરિસ્થિતિમાં હું અને મારી પંચાયતની ટીમ ગામના તમામ લોકોની મદદ માટે હરહંમેશ કામ કરતા રહીશું

### મોડાસા ચાર રસ્તા પર પિતા-પુત્રની લુખ્ખાગીરી

# લોકડાઉનની અમલવારી કરાવનાર પોલીસ જવાન પર હુમલો કરતા ચકચાર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વાયરસના કારણે દેશને ૨૧ દિવસ લોકડાઉન કરવામાં આવ્યો છે.ગુજરાતમાં કોરોનાનો કહેર બીજા રાજ્યોની સરખામણીએ કુદકેને ભૂસકે વધી રહ્યો છે આ વાયરસને ફેલાવતો અટકાવવા પોલીસ તંત્ર જીવન જોખમે ખડેપગે સતત લોકોને લોકડાઉનનું પાલન કરાવે છે. ત્યારે કેટલાક લોકો બિન જરૂરી બહાર નીકળીને લોકડાઉનનો ભંગ કરી શુરવીરતા બતાવી રહ્યા છે અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર લોકડાઉનની અમલવારી માટે કમરકસી છે મોડાસા શહેરના ચાર રસ્તા પર બેરિકેડ ગોઠવી દઈ રખડપટ્ટી કરતા વાહનચાલકોને ડિટેનની કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે એલસીબીમાં ફરજ બજાવતા પોલીસકર્મીએ કલેક્ટરના જાહેરનામાનાનો ભંગ કરી જ્યુપિટર પર પસાર થતા પિતા-પુત્રને અટકાવતા બંને શખ્શો દાદાગીરી પર ઉતરી આવી પોલીસકર્મચારીની ફેટ પકડી બિભસ્ત ગાળો બોલી ઝપાઝપી કરતા ભારે ચકચાર મચી હતી પોલીસ પિતા-પુત્રની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

મોડાસા ચાર રસ્તા પર લોકડાઉનની અમલવારી માટે મોડાસા ટાઉન પોલીસ અને જિલ્લા પોલીસતંત્રના કર્મચારીઓ લોકડાઉનની અમલવારી માટે રાઉન્ડ ધી ક્લોક ફરજ બજાવી બજાવી રહ્યા છે જિલ્લા એલસીબીમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી વિક્રમસિંહ વક્તાભાઈ ચાવડાએ ચાર રસ્તા પરથી કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરી જ્યુપિટર (ગાડી.નં.ય્ન ૩૧ ઈ ૬૯૩૧ ) સ્કૂટર પર પસાર થતા હર્ષ અશ્વિનભાઈ પટેલ અને અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ (રહે,એ-૩૫, નાલંદા-૨, મોડાસા ) ને અટકાવતા પિતા-પુત્ર આવેશમાં આવી જઈ પોલીસ કર્મચારીની ફેટ પકડી લઈ બિભસ્ત ગાળો બોલી ઝપાઝપી કરતા ગાળાના ભાગે નખ વાગતા પોલીસ કર્મચારી આવાક બન્યો હતો પોલીસ કર્મચારી સાથે ઝપાઝપી થતા નજીકમાં રહેલા

એલસીબી પીઆઈ મનીષ વસાવા અને ટાઉન પી.આઈ વાઘેલા અને પોલીસકર્મચારીઓ દોડી આવતા તેમની સાથે પણ ઝપાઝપી કરતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ અચંબિત બન્યા હતા પિતા-પુત્રની લુખ્ખી દાદાગીરીના પગલે બંનેની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દઈ વિક્રમસિંહ વક્તાભાઈ ચાવડા (પો.કો.એલસીબી અરવલ્લી) ની ફરિયાદના આધારે હર્ષ અશ્વિનભાઈ પટેલ અને અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ (રહે,એ-૩૫, નાલંદા-૨, મોડાસા ) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૩૨,૩૨૩,૫૦૪,૧૮૬,૧૮૮,૧૧૪ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ટીટોઈ ગામમાં વોર્ડ નં-૬ ના રહીશોએ તેમના વિસ્તારમાં અજાણ્યા માણસો માટે પ્રવેશબંધી કરી તેમના વિસ્તારના પ્રવેશ દ્વાર આગળ આડાશ ઉભી કરવામાં આવતા તેમના વિસ્તારમાં રહેતા મોહમ્મદ આરીફભાઈ જીવાભાઈ ટીંટોઈયાએ અગમ્ય કારણોસર તેમના વિસ્તારના લોકો સાથે બોલાચાલી કરી આડાશ ખોલી નાખતા ભારે હોબાળો મચાવાની સાથે લોકોમાં ભારે રોષ ફેલાયો હતો આ અંગે રહીશોએ મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મોહમ્મદ આરીફભાઈ જીવાભાઈ ટીંટોઈયા ની અટકાયત કરી કલેક્ટરના જાહેરનામાના ભંગ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## મોડાસાના લાલપુર કંપાના પ્રવેશદ્વારે સેનેટાઈઝ મશીન સ્પ્રે : ગામના લોકોએ બનાવ્યું સેનેટાઈઝર સ્પ્રે મશીન



અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાનો કહેરે સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે ગુજરાતમાં કોરોનાના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે કોરોનાના સંક્રમણથી બચવા માટે લોકો સૅનેટાઈઝર અને માસ્કનો ઉપયોગ કરી રહ્યા છે કેટલાક લોકો પોતાની કોઠાસૂઝની મદદથી કોરોના સામે જંગ લડવા પ્રયત્નશીલ બન્યા

છે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લાલપુરકંપા ગામમાં સરપંચ અને ગ્રામજનોએ ગામના તમામ રસ્તા બંધ કરી એકજ પ્રવેશદ્વાર રાખી પ્રવેશદ્વાર પર સેનેટાઈઝર સ્પ્રે મશીન લગાવી ગામમાં પ્રવેશનાર લોકોને સેનેટાઈઝ થઈને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે

સમગ્ર ભારતભરમાં કોરોના વાઈરસ દ્વારા મહામારી ચાલી રહી છે ત્યારે કોરોના થી બચાવ માટે સોશ્યલ ડિસ્ટન્સ અને સેને ટાઇઝર નો ઉપયોગ કરવાની વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા ફરજ પાડવામાં આવી છે ત્યારે અરવલ્લ્લી જિલ્લાના મોડાસા તાલુકાના લાલપુર કંપામાં સાવચેતી ના ભાગ રૂપે અનોખી પહેલ ચાલુ કરી છે જેમાં કંપા માં આવવા જવા માટે એક જ પ્રવેશ દ્વાર રાખવામાં આવ્યો છે તેમજ કંપાના લોકોએ ભેગા થઈ ને ઓટોમેટિક સેનેટાઈઝર મશીન પણ બનાવાયું છે જે પ્રવેશ દ્વારે લગાવવામાં આવ્યું છે લાલપુર કંપામાં પ્રવેશતા લોકોને સૅનેટાઈઝ સ્પ્રે મશીનમાંથી પસાર થવું પડે છે આખું શરીર સેનેટાઈઝ થઈ જાય પછી પ્રવેશ આપવામાં આવે છે કોરોના વાઈરસ થી દુર રહેવા લાલપુર કંપા ના લોકો એક અનોખી પહેલ દ્વારા લોક જાગૃતિ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે

લાલપુર કંપા ના રહીશોએ જણાવ્યું હતું કે કંપા માં આસપાસ ના ૪ ગામોના પશુપાલકો દૂધ ભરાવવા માટે લાલપુર કંપાની દૂધ મંડળી માં આવે છે જેથી પશુપાલકો અને કંપાના રહીશોની સુરક્ષા માટે ગામ ના સરપંચ કિરીટ પટેલ અને ગ્રામ લોકોના સહયોગ થી ઓટોમેટિક સેનેટાઈઝર મશીન તૈયાર કરવામાં આવ્યું છે જેનાથી કંપા ના કોઈ પણ નાગરિકને પ્રવેશ કરતા પહેલા સનેટાઇઝ થઈને જ પ્રવેશ આપવામાં આવે છે અને કંપા માં અજાણ્યા માણસોને પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવી દીધો છે

## અંબાજી મા લોક ડાઉન નો ભંગ



કોરોના વાયરસ થી સાવચેતી અને તકેદારીના ભાગરૂપે મોદી સાહેબે સોશિયલ ડિસ્ટન્સ રાખવા કરેલી આપેલ નો અંબાજી ખાતે થઈ રહ્યો છે સરેઆમ ભંગ અંબાજીની ઘણી એવી બેંકોમાં થઈ રહ્યો છે જિલ્લા મેજિસ્ટ્રેટ નો અને જાહેરનામાનો ભંગ કોરોના વાયરસ વચ્ચે સાવચેતી અને તકેદારીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા સોશિયલ ડિસ્ટન્સ રાખવા અપીલ કરાઈ હતી પણ અંબાજીના બેંક ચાલકો દ્વારા કોઈ જ તકેદારી કે સાવચેતી રાખવા માં આવી ન હતી સરકાર દ્વારા ૫૦૦ રૂપિયા આપવા માં આવી રહ્યા છે ત્યારે ૫૦૦ રૂપિયા લેવા માટે બેંકની બહાર લાંબી લાંબી કતારો છે અને કોઈ જ જાતની બેન્કો દ્વારા પણ વ્યવસ્થા કરવામાં આવી નથી અને આ બેંક ચાલકો દ્વારા બેંકની બહાર લાઈન માં ઊભેલા લોકો માટે સોશિયલ ડિસ્ટન્સ રાખવા માટે પણ કોઈજ જાતની સુવિધા નથી અને અંબાજી ની બેંકો ની બહાર થઈ રહ્યો છે સરેઆમ જિલ્લા મેજિસ્ટ્રેટ નાં જાહેરનામાનો ભંગ આ સાથે મોદી સાહેબ દ્વારા કરાયેલી સોશિયલ ડિસ્ટન્સ રાખવા ની અપીલ પર પણ જાણે પાણી ફરી ગયું હોય તેવું લાગી રહ્યું છે બેંકો દ્વારા કોઈ જ સુવિધા નથી અને આ બેંકની બહાર લોકોની લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે અંબાજીની બેંક ઓફ બરોડા, દેના બેન્ક સહિત વિવિધ બેંકો ની બહાર લોકો ની લાંબી લાંબી લાઈનો જોવા મળી રહી છે પર કોઈ જાતની આ કોરોના વાયરસ થી સાવચેતી કે તકેદારીના ભાગરૂપે કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી બનાસકાંઠા જિલ્લા તંત્ર પણ અંબાજી ની બેંકો બાજુ એક નજર કરે તેવી માંગ ઉઠવા પામી છે .. લક્ષ્મણ ઠાકોર અંબાજી

## બનાસકાંઠાના દાંતા ગામના સીધી પરિવાર દ્વારા ૨૫૦૦૦ હજારનો પીએમ રાહત ફંડ માં ચેક અર્પણ કર્યો



બનસકાંઠા જિલ્લા માં સહાય નો ધોધ વહી રહ્યો છે દેશ ના વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી સાહેબ કોરોના વાયરસ સામે લડવાના ફંડ માટેની અપીલ કરતા જ બનાસકાંઠામાં સહાય નો ધોધ અવરીતપણે વહી રહ્યો છે ત્યારે આજે બનાસકાંઠા ના છેવાડા વિસ્તાર ના અશોકભાઈ સીંધી પરિવાર ધ્વરા ૨૫ હજાર નો ચેક પીએમ રાહત ફંડ માં આપવામાં આવ્યું હતું સીધી પરિવાર માં એમના પુત્ર સીધી(પારવાણી ) મનોજભાઈ દુબઈ ખાતે નોકરી કરી પોતાના ઘર નું ગુજરાન ચલાવે છે છતાંય પણ દેશ માટે મોદી સાહેબ ની ફંડ ની હાકલ થી પ્રેરિત થઈ ને પીએમ રાહત ફંડ માં આ કોરોના ની મહામારી સામે લડવા આ ફંડ આપ્યું છે અને આગામી સમયમાં પણ થશે એવી રીતે દેશ માટે ખડે પગે રહીશુ તેમ સીધી જયેશભાઇ એ જણાવ્યું હતું અમારો સીધી(પારવાણી) પરિવાર એ દેશની સેવા માટે ખડે પગે રહેશે..અને ૨૫૦૦૦ નો ચેક બનાસકાંઠા કલેકટર શ્રી સંદીપ સાંગલે સાહેબ ને અર્પણ કર્યો હતો.. અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

## માલપુરના અણિયોર અને સાતરડા ગામે કરિયાણાની દુકાનોમાંથી માત્ર ખાદ્યચીજોની ચોરી

અરવલ્લી બ્યુરો મોડાસા

છેલ્લા ૧૩ દિવસથી લોકડાઉન કોરોનાને લઈને સમગ્ર ભારતમાં છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ચોરો પણ લોકડાઉન થઈ ગયા હતા. પરંતુ લોકડાઉન વચ્ચે પણ માલપુર તાલુકામાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો. અને કરિયાણાની દુકાનમાંથી માત્રને માત્ર ખાદ્યચીજોની જ ચોરી કરી હતી. ચોરીને પગલે દુકાનદારોએ માલપુર પોલીસને જાણ કરી હતી.

આ અંગે મળતી વિગતો અનુસાર માલપુર તાલુકાના અણિયોર અને સાતરડા ગામે કરિયાણાની દુકાનમાં ગત રાત્રીએ તસ્કરોએ હાથફેરો કર્યો હતો અને દુકાનમાંથી માત્ર ખાદ્યચીજોની જ ચોરી કરી હતી. જો કે કોરોનાના લોકડાઉનની અસર વર્તાતા ખાદ્યચીજોની ચોરી કરી હોવાની આશંકા પ્રવર્તી રહી છે. સરકાર દ્વારા લોકોને અનેક સહાયો આપવામાં આવી રહી છે અને કેટલીય સેવાભાવી સંસ્થાઓ પણ ગરીબોને ત્યાં કરિયાણાની કીટનું વિતરણ પણ કરી રહી છે ત્યારે માત્ર ખાદ્યચીજોની ચોરી કરિયાણાની દુકાનમાં થઈ હોવાથી લોકો પણ અચંબીત થયા છે. જો કે દુકાન માલિકે ચોરી અંગે માલપુર પોલીસને કરી જાણ કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## મુખ્યમંત્રીના રાહત ફંડમાં અરવલ્લી જીલ્લા ગાયત્રી પરિવાર દ્વારા રૂપિયા એકાવન હજારનો ચેક



મોટી ઈસરોલ, તા.૮

સમગ્ર માનવ માત્ર સામે કોરોના વાયરસના કેરની વિકટ પરિસ્થિતિ સામે સરકારશ્રી દ્વારા જનજીવનને બચાવવા અથાગ પરિશ્રમ કરવામાં આવી રહ્યો છે. ત્યારે સરકારશ્રીને સહયોગ આપવા આધ્યાત્મિક અને સમાજસેવી સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ કે સૌ કોઈ વ્યક્તિગત રીતે પણ યથાશક્તિ મુજબ સરકારશ્રીને આર્થિક રીતે સહયોગ આપવા સંભવતઃ પ્રયાસ કરી રહ્યા છે. ત્યારે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ,હરિદ્વાર દ્વારા પણ એક કરોડ રૂપિયા સરકારશ્રીના રાહત ફંડમાં આપવામાં આવ્યા તેમજ શાંતિકુંજ સહિત ભારતભરમાં વ્યાપ્ત ગાયત્રી પરિવાર સંસ્થાનો, શાખાઓ દ્વારા સરકારશ્રીને આર્થિક ફંડમાં તેમજ સ્થાન સંજોગો પ્રમાણે જરૂરીયાત મુજબ આમ જનતા માટે ફૂડ પેકેટ્સ , ભોજન બનાવવા સામગ્રી કિટ વિતરણ કરવામાં સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ત્યારે અરવલ્લી જીલ્લા ગાયત્રી પરિવાર દ્વારા મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં અરવલ્લી જીલ્લા કલેક્ટરશ્રીની કચેરી, મોડાસા ખાતે આજરોજ એકાવન હજાર રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો.

## ખારીઘારીયાલ ખાતે રેશનકાર્ડ ન ધરાવતા લોકોને સરકારી અનાજનું વિતરણ



પાટણ જીલ્લા ના ચાણસ્મા તાલુકા ના ખારીઘારીયાલ ખાતે ૪૦ કુટુંબોને અન્નબ્રહ્મ યોજના અંતર્ગત રેશન કાર્ડ ન ધરાવતા હોય તેવી વ્યક્તિઓ પરપ્રાંતિય વ્યક્તિઓને સરકારી અનાજની કિટનું વિતરણ કરાયું . ખારીધારીયાલ ખાતે તલાટી કમ મંત્રી સુનીલભાઇ પટેલ દ્વારા સરકારી અનાજની કીટ અર્પણ કરાઇ. લોક ડાઉનમાં નિરાધાર શ્રમજીવીઓ ભૂખ્યા ન રહે અને તેઓને અનાજ મળે તે માટે અન્નબ્રહ્મ યોજના અંતર્ગત ઘઉં,ચોખા, ખાંડ, દાળ ,તથા મીઠાનું કીટ વિતરણ ની આજે શરૂઆત કરાઇ હતી.આ પ્રસંગે ખારીઘારીયાલ ગામના તલાટી કમ મંત્રી સુનિલભાઈ પટેલ , અગ્રણી અમૃતલાલ પટેલ ,શાંતિભાઇ શુક્લ,પંડિત દિનદયાળ દુકાનના સંચાલક અરવિંદભાઇ ,કપુરજી ઠાકોર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા .નિખીલ જોષી ચાણસ્મા


**ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક પારિવારિક ઊર્મિ ફાઉન્ડેશન દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે અમારા સહયોગીઓ દ્વારા રોજ ૨૫૦ થી ૨૭૫ ફૂડ પેકેટ તેમજ કરિયાણા ની કીટ નું જરૂરિયાતમંદ લોકો માં વિતરણ જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવે છે.આ પ્રવૃત્તિ છેલ્લા ચાર દિવસ થી અવિરત ચલી રહી છે.આપ પણ આપનો સહયોગ એક કીટ ના ૭૦૦ રૂપિયા કે ૯૦૦ રૂપિયા.નાની મોટી કીટ પ્રમાણે અમારા અખબાર ના મેમનગર.વાસણા.શાહપુર હલીમ ની ખડકી.ગોઝારીયા પોળ કકે ગાંધીનગર મુખ્ય કાર્યાલય ખાતે સંપર્ક કરીને કરી શકો છે.**

**તંત્રી : પ્રદીપ રાવલ.(૯૮૨૪૬૫૩૦૭૩)**

**સહતંત્રી નિલેશ રાવલ.અમદાવાદ**

**(૯૮૨૫૩૬૨૭૫૮)(૯૮૨૪૦૯૬૨૫૦ બકુલ રાવલ)**




કોરોના વાયરસ (કોવિડ-૧૯) ની વૈશ્વિક મહામારીને લઈને સમગ્ર દેશવાસીઓની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ હાલમાં સમગ્ર ભારતમાં લોકડાઉન જાહેર કરેલ છે. લોકડાઉનના કારણે આપણે સૌ સરકારની સૂચના મુજબ પરિવાર સાથે ઘરમાં જ રહીને કોરાના જેવી વૈશ્વિક મહામારીને હરાવવા રાષ્ટ્રને મદદરૂપ બનવાનું દેશસેવાનું કાર્ય કરી રહ્યા છે ત્યારે સામાજિક કાર્યકર અને સંકલ્પ સંસ્થા, પાટણ ના પ્રમુખરાજેન્દ્ર હિરવાણીયા પણ ઘરમાં રહી ને કેટલાક ચિત્રો દોરીને લોકડાઉન સમયનો સદઉપયોગ કરી રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK